**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૬ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૮૫ ટકા

# આવતીકાલે જયા એકાદશી : વિષ્ણુજીની પૂજાનું શુભ મુહૂર્ત

## ભગવાન વિષ્ણુજી સહિત શ્રીકૃષ્ણ સાથે જ હનુમાનજીની પૂજા કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૧

શ્રીકૃષ્ણ જન્માષ્ટમી ધામધૂમપૂર્વક ઉજવ્યા બાદ હવે મંગળવારે ૨૩મી ઓગષ્ટના રોજ ભગવાન વિષ્ણુ માટે અગિયારસનું વ્રત કરવામાં આવશે.

આ દિવસે શ્રાવણ મહિનાના વદ પક્ષની એકાદશી છે. જેને અજા અને જયા એકાદશી પણ કહેવામાં આવે છે. આ વખતે મંગળવારે આ તિથિ હોવાથી આ દિવસે વિષ્ણુજી સાથે જ શ્રીકૃષ્ણ અને હનુમાનજીની પણ ખાસ પૂજા કરવાનો શુભ યોગ બની ગયો છે.

જ્યોતિષશાસ્ત્ર મુજબ સ્કંદ પુરાણમાં આખા વર્ષની બધી એકાદશીઓનું મહત્વ ઉલ્લેખવામાં આવ્યું છે.

પંચાંગ પ્રમાણે એક જ મહિનામાં બે પક્ષ હોય છે. બંને પક્ષમાં એક-એક એકાદશી રહે છે. આ પ્રકારે ૧૨ મહિનામાં કુલ ૨૪ એકાદશી રહે છે. જે વર્ષે પંચાંગમાં અધિક માસ રહે છે તે વર્ષ દરમિયાન ૨૬ એકાદશી આવે છે. જે લોકો આખા વર્ષની બધી એકાદશીઓમાં વ્રત કરે છે. તેમનો ધર્મલાભ સાથે જ સ્વાસ્થ્ય લાભ પણ મળે છે. એક મહિનામાં ઓછામાં ઓછા બે દિવસ નિરાહાર રહેવાથી પેટને લગતી પરેશાનીઓ દૂર થઈ શકે છે. ગેસ, એસિડિટી, અપચો, કબજિયાત વગેરે બીમારીઓને દૂર કરવા માટે પણ વ્રત લાભદાયક રહે છે. ભગવાન વિષ્ણુ સાથે લક્ષ્મીજીનું પણ પૂજન કરવામાં આવે છે.

સૌથી પહેલાં વિષ્ણુ-



લક્ષ્મીની પ્રતિમાઓને સ્થાપિત કરવી, તે પછી શુદ્ધ સુગંધિત જળથી અભિષેક કરવો, ત્યારબાદ દક્ષિણવર્તી શંખમાં કેસર મિશ્રિત દૂધ ભરવું અને અભિષેક કરવો જોઈએ.

### જયા એકાદશીની પૌરાણિક કથા

એકવાર નંદનવનમાં ઉત્સવ દરમિયાન માલ્યવાન નામનો ગંધર્વ અને પુષ્પવતી નામની ગંધર્વ કન્યા એકબીજા ઉપર મોહિત થઈ ગયા. જેથી દેવરાજ ઈન્દ્ર નિરાશ થયા અને તેમને પિશાચ જીવન જીવવાનો શ્રાપ આપ્યો હતો. તે બંને હિમાલય પાસે વૃક્ષ ઉપર રહેવા લાગ્યા. આ દરમિયાન ભુલથી તે બંનેએ મહા મહિનાની સુદ પક્ષની એકાદશીએ માત્ર એક જ વાર ફળાહાર કર્યો અને ઠંડીના કારણે બં આખી રાત જાગતાં રહ્યાં હતાં. તેમને આખી રાત તેમની ભુલનો પછતાવો પણ થયો. જેથી ભગવાન વિષ્ણુએ પ્રસન્ન થઈને તેમને સ્વર્ગ પ્રદાન કર્યું. આ જોઈને ઈન્દ્રને આશ્ચર્ય થયું, ત્યારબાદ પિશાચ જીવનથી મુક્તિ મેળવવા માટે આ વ્રત કરવામાં આવે છે.

ફૂલોથી અને રેશમી વસ્ત્રો સાથે ભગવાનનો શ્રૃંગાર કરો. તુલસી સાથે મીઠાઈનો ભોગ ધરાવવો, ધૂપ-દીપ પ્રગટાવો, આરતી કરો, પૂજામાં એકાદશી વ્રત કરવાનો સંકલ્પ લો. એકાદશી વ્રત કરનાર વ્યક્તિએ દિવસમાં એક સમય ફળાહાર કરવો જોઈએ. રાત્રે ભગવાન વિષ્ણુ સામે દીવો પ્રગટાવવો જોઈએ અને દાન પુણ્ય કરવું જોઈએ. શ્રીકૃષ્ણ અને હનુમાનજીની પૂજા કરી શકાય છે. હનુમાન ચાલીસાનો પાઠ કરવો. એકાદશી વ્રત કરનાર લોકોની પિતૃ પક્ષની દસ પેઢીઓ, માતૃ પક્ષની દસ પેઢીઓ અને પત્ની પક્ષની દસ પેઢીઓ પણ વૈકુંઠ પ્રાપ્ત કરે છે.

## આજે સ્વામિનારાયણ મંદિર સે-૨ ખાતે મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠાનું આયોજન

ગાંધીનગર, તા. ૨૧

શ્રી સ્વામિનારાયણ મંદિર સે. ૨ ગાંધીનગર ખાતે નવનિર્મીત શ્રી સિદ્ધેશ્વર મહાદેવના મંદિરનો પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૧૮-૮-૨૨ થી ઉજવાઈ રહ્યો છે, જેમાં શિવ મહિમા કથા તેમજ યજ્ઞ, લઘુ રૂદ્ર યજ્ઞનો કાર્યક્રમ ચાલી રહ્યો છે. તા. ૨૨-૮-૨૨ને સોમવારના રોજ પ.પુ.ધ.ધુ. ૧૦૦૮ કોશલેન્દ્ર પ્રસાદજી મહારાજના વરદહસ્તે સિદ્ધેશ્વર મહાદેવની તેમજ શ્રીરામ પરીવાર, સુર્યનારાયણદેવ, ગાયત્રી માતાજી, હનુમાનજી મહારાજ, ગણપતીજીની મૂર્તિમાં પ્રાણ-પ્રતિષ્ઠા સવારે ૯ કલાકે યોજાશે તેમજ રાત્રે કલાકાર મયુરભાઈ દવે અને લોક સાહિત્યકાર તેમજ હાસ્ય કલાકાર સુખદેવભાઈ ગઢવીના ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ભક્તો-હરિભક્તોને પધારવા નિમંત્રણ પાઠવ્યુ હતું.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ.પરમાર લક્ષ્મીબેન બાબુભાઈ** ઉ.વ.૭૩, સેક્ટર-૨૭
- **સ્વ.પાઠક ગિરિશકુમાર બાબુલાલ** ઉ.વ.૪૮, રિદ્રોલ, માણસા
- **સ્વ.પટેલ કમળાબેન બળદેવભાઈ** ઉ.વ.૬૫, આમજા, માણસા
- **સ્વ.ગુર્જર રામાભાઈ અમીચંદ** ઉ.વ.૭૬, કોલવડા
- **સ્વ.પરમાર શામળભાઈ કાળાભાઈ** ઉ.વ.૭૧, રૂપાલ

**● રૂદ્રભૂમિ ●**

- **સ્વ.ઝાલા સંધ્યા વનરાજ** ઉ.વ. ૬૪, અડાલજ
- **સ્વ.પટેલ જગદીશભાઈ નટવરલાલ** ઉ.વ.૫૮, શાહપુર

## સે-૨૯ હરિવીલા આગળ ઔષધ વૃક્ષોનું જતન કરાયું



ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરને હરિયાળું વનરાજી આચ્છાદિત શહેર કહેવામાં આવે છે. જેમાં રંગબેરંગી પુષ્પો સાથેની અનેક જાતિ-પ્રજાતિના વૃક્ષો ઋતુ પ્રમાણે ખીલી ઉઠી શોભામાં અભિવૃદ્ધિ કરતાં હોય છે, જે વનવિભાગ, સ્વૈચ્છિક સંસ્થાઓ અને વસવાટી પરિવારજનોને આભારી છે. ગાંધીનગરના સેક્ટર-૨૯ના રહેવાસી પ્રા. રમેશભાઈ મ. પટેલ અને ડી.કે. શાહ ઔષધિય વૃક્ષ-છોડનું ખામણું કરી, ખોદકામ કરી લીંબુડી અને અરડુસીનું જતન, સંરક્ષણ કરી ઉછેર કરી રહ્યા છે. પ્રત્યેક કુટુંબ જ્યાં જગ્યા ત્યાં ફળ છોડ, જ્યાં જગ્યા ત્યાં ઔષધ છોડ ઉછેરવાનો અભિગમ રાખે તો ભવિષ્યમાં ઉભી થવાની સમસ્યા ઓક્સિજનની કમીને નિવારી શકાય, તેવો સંદેશો અપાયો છે.

## શ્રી ગોવર્ધન નાથજી હવેલી ખાતે ચિત્રસ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા.૨૧

વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન અને ગાંધીનગર વૈષ્ણવ સમાજ દ્વારા જન્માષ્ટમી પર્વ નિમિત્તે હવેલી મંદિર સે-૨૧ ખાતે કૃષ્ણજીવન લીલા થીમ આધારીત રંગપુરણી અને ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ધો.૧થી ૧૧ના ૬૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં નવ્યા કલોલા, દિશીતા એચ.અડાલજા, મહીકા જાદવ, હીયા શાહ, અમાની મોદી, યશવી ચાવડા, હેલી શાહ અને દેવાંશી ઠાકોર વિજેતા બન્યા હતા. વિજેતા બાળકો ઉપરાંત દરેક બાળકોને ઈનામો, ફરાળી ચેવડો-પેંડા અને કેળાનો નાસ્તો આપવામાં આવ્યો હતો.

તૃષાબેન વ્યાસ, પૂર્વીબેન મણીયાર, પોપટલાલ પ્રજાપતિએ નીર્ણાયક તરીકે ભુમિકા ભજવી હતી. આ હરીફાઈને સફળ બનાવવા સંસ્થાના હોદ્દેદારો જશવંત ગાંધી, ડો.પ્રદીપ ગગલાણી, કીરીટભાઈ સોની, દીપેશભાઈ પરીખ, ડો.નીતાબેન શેખાત, જે.ઓ.શાહ, શીતલ જી. શાહ, ડી.એફ.શાહ, ચંદ્રકાંતભાઈ અડાલજા, મૌલિકભાઈ પરીખ, રાકેશભાઈ દેસાઈ અને જયંતિભાઈ પટેલે જહેમત ઉઠાવી હતી.

# આદિવાસીઓ પ્રકૃતિપૂજક હોવાથી કોઇને કોઇ વિશેષ શક્તિ ધરાવે છે..!!

## ગાંધીનગરમાં વસતા હિન્દીભાષી લેખકે સ્વાતંત્ર્ય સંગ્રામમાં આદિવાસી સમાજના ઇતિહાસને ઉજાગર કરવા પોતાની જીંદગીના ૪૫ વર્ષ ખર્ચી નાખ્યાં : અત્યાર સુધીમાં ત્રણ પુસ્તકો પ્રકાશિત થયાં છે અને ચોથું દિવાળીએ પ્રકાશિત કરશે


ગાંધીનગર, ૨૧

તાજેતરમાં સમગ્ર દેશમાં " આઝાદીના અમૃત મહોત્સવ" અંતર્ગત "હર ઘર તિરંગા" અભિયાન સાથે સ્વાતંત્ર્ય દિનની જોશભેર ઉજવણી કરવામાં આવી હતી.




ઓગસ્ટ મહિનો આમ પણ ઉત્સવો અને મહત્વપૂર્ણ દિવસો ધરાવતો મહિનો છે જેના પુર્વાર્ધમાં જ તા.૯મી ઓગસ્ટે વિશ્વ આદિવાસી દિવસ પણ ઉજવાય છે. એવું કહેવાય છે કે ભારતના સ્વાધિનતા સંગ્રામમાં આદિવાસી સમાજનું યોગદાન ખૂબ જ મહત્વનું રહ્યું છે બલ્કે ઘણાંના મતે અંગ્રેજો સામે સૌથી પહેલો અવાજ ઉઠાવવામાં આદિવાસી સમાજના બાહોશ અને નીડર લડવૈયાઓ રહ્યાં હતાં પરંતુ તેમની લડાઈ જે તે વિસ્તારમાં સ્થાનિક કક્ષાએ રહી હોવાથી તેમને મળવું જોઈએ તેટલું મહત્વ મળ્યું નથી. જોકે ગાંધીનગરમાં સેક્ટર-૨માં રહેતાં અને વ્યવસાયે સિવિલ કોન્ટ્રાક્ટર એવા અનિલ ડામોર નામના એક આદિવાસી સંશોધનકારે "ગાંઠનું ગોપીચંદન" કરવા સાથે પોતાની જીંદગીના ૪૫ વર્ષ ખર્ચીને તેમના મતે હાલ ચાર રાજ્યોમાં વંહેચાઈ ગયેલાં ભીલ પ્રદેશ વિસ્તારના સ્વાતંત્ર્ય સંગ્રામના આદિવાસી ભીલ મહાનાયકો અને આદિવાસી ઈતિહાસને ખંખોળીને તેને પુસ્તક સ્વરૂપે પ્રકાશિત કરવાનું ભગીરથ કાર્ય કરી રહ્યાં છે. હાલ તેમના ત્રણ પુસ્તકો પ્રકાશિત થઇ ચુક્યાં છે અને આગામી દિવાળી સુધીમાં તેમનું ચોથું પુસ્તક પ્રકાશિત થવા જઈ રહ્યું છે.

ગુજરાતમાં પણ જલિયાંવાલા બાગ જેવા માનગઢ અને પાલ ચિતરિયા જેવા હત્યાકાંડો સર્જાયા હતાં




જેનો ઈતિહાસ ખૂબ મોડેથી ઉજાગર થયો છે પરંતુ અનેક આદિવાસી ભીલ મહાનાયકો ગુમનામીની ગર્તામાં ખોવાઈ જવા પામ્યાં છે. અનિલ ડામોરે ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્રના આદિવાસી વિસ્તારોમાં અત્યાર સુધીમાં હજારો કિલોમિટરનું ભ્રમણ કરીને અનેક પડકારો, મુશ્કેલીઓ અને પરેશાનીઓનો સામનો કરીને પણ આ ચારેય રાજ્યોના આદિવાસી ઈતિહાસ જેમાં ખાસ કરીને સ્વાધિનતા સંગ્રામ કે અંગ્રેજોની જોહુકમી સામે ઉઠાવાયેલા અવાજને લગતી નાની મોટી માહિતીના ખાંખાખોળા કરવામાં કોઈ કસર છોડી નથી. આ દરમ્યાન તેમણે ઉપલબ્ધ દસ્તાવેજો, નકશાઓ કે દુર્લભ પુસ્તકોને આકરી કિંમત ચુકવીને પણ પ્રાપ્ત કરી તેનો તલસ્પર્શી અભ્યાસ કરવા સાથે તેની માહિતીને સ્થળ તપાસની એરણે ચકાસવાનું કાર્ય કર્યુ છે. અનિલ ડામોરના જણાવ્યાં અનુસાર તેઓ મૂળ ઝાલોદના ગુજરાતી આદિવાસી સમાજના છે પરંતુ તેમના પરદાદા કેશાજી ડામોરે બે અંગ્રેજોને માર્યા હતાં જેથી તેમની પર વધી ગયેલી ધોંસને કારણે તેમને પરિવાર સહિત સ્થળાંતર કરવું પડ્યું હતું અને તેઓ મધ્યપ્રદેશના ધાર જિલ્લાના સરદારપુર જઈને વસ્યાં હતાં. કેશાજીના પૌત્ર ગંગારામને સ્વતંત્ર ભારતમાં રોજગાર અધિકારી તરીકે બદલીપાત્ર નોકરી મળી હતી અને તેમના છ સંતાનોમાં પાંચમાં નંબરના પુત્ર અનિલ ડામોરને ધોરણ-૬માં હતાં ત્યારથી જ છાપાઓમાં ક્યારેક છપાતાં ભીલ રાજાઓના ઈતિહાસને લગતા અહેવાલ



વાંચીને ઉત્સુકતા થતી હતી.

પિતાની બદલીને પગલે છત્તીસગઢના રાયપુરમાં માધ્યમિક શિક્ષણ મેળવનાર અનિલ ડામોરે ૧૫ વર્ષની વયથી છાપાઓના કટિંગ ભેગાં કરવાનું શરૂ કરુદીધું હતું. પિતા તરફથી મળતી ખિસ્સા ખર્ચીમાં તેઓ ભીલ ઈતિહાસને લગતાં બહારના પુસ્તકો ખરીદી શકતાં નહોતાં. જોકે ઈતિહાસ વિષય સાથે તેમણે અનુસ્નાતકનો અભ્યાસ કર્યો અને પિતાજીની સલાહ અનુસાર નોકરી કરવાનું સ્વિકાર્યુ નહીં કેમકે તેમને ખબર હતી કે તેમને જે સંશોધન કરવું છે તે માટે અઢળક નાણાં જોઈશે અને તે નોકરીમાંથી નહીં મળી શકે માટે તેમણે તપાસ કરીને કન્સ્ટ્રક્શન લાઈનમાં નાણાં વધુ મળશે તેવી ગણતરીએ તેનું કામ શરૂ કર્યુ અને ધીમે ધીમે તેમાંથી નાણાં કમાઈને ઈન્દોરમાં પોતાનું ઘર બનાવ્યું જ્યાંથી તેમણે સંશોધન કાર્ય પણ શરૂ કર્યુ. આ કાર્ય દરમ્યાન તેમણે જ્યાંથી પણ આદિવાસી ઈતિહાસ અંગે માહિતી મળે ત્યાં દોડી જઈને પ્રાપ્?ત કરી, સ્થળોની જાત મુલાકાત કરી, સ્થાનિકો સાથે મેળમિલાપ કરીને માહિતી એકઠી કરી તેમજ અસંખ્ય પુસ્તકો પણ મેળવ્યાં જેમાં કેટલાંક અંગ્રેજ ઈતિહાસકારોએ લખેલાં દુર્લભ ગ્રંથો જેવાં કે કર્નલ ફોર્બ્સ લિખિત "રાસમાલા"ના ૪ ભાગો સહિત અનેક મહત્વના પુસ્તકો માટે તેમને છાપેલી કિંમત કરતાં અનેકગણા નાણાં પણ ચુકવવા પડ્યાં. વ્યવસાય સંભાળવા પગારદારો રાખીને તેઓએ બાંસવાડા, ડુંગરપુર, ઉદેપુર કે વિજયનગર, પાટણ, ડાંગ, ભરૂચથી માંડીને ચારેય રાજ્યોના અનેક સ્થળોનો પ્રવાસ કર્યો જેમાં તેઓ જ્યાં જ્યાં આદિવાસી સંસ્કૃતિના નિશાન મળ્યાં ત્યાં ત્યાં તેઓ ગયાં. આ દરમ્યાન તેમના લગ્ન ગાંધીનગરના ફાલ્ગુની ડામોર સાથે થયાં જેઓ હાલ હાઈકોર્ટમાં સેક્સન ઓફિસર તરીકે ફરજ બજાવે છે અને ગુજરાતમાં ભૂકંપ પછી કન્સ્ટ્રક્શન ક્ષેત્રે સારી તકો જણાતાં અનિલ ડામોરે ગાંધીનગરમાં પોતાનો કન્સ્ટ્રક્શનનો વ્યવસાય શરૂ કરી દઈને અહીં વસી ગયાં. જોકે અંહી પણ કામ સેટ થઈ ગયાં બાદ ટીમને કામ સોંપીને તેઓ પોતાના સંશોધન માટે નિકળી જતાં હતાં અને તેઓ છેલ્લાં લગભગ ૪૫ વર્ષથી રઝળપાટ કરી ચુક્યાં છે. તેમના કાર્યમાં ખૂબ મદદ મળી રહી છે. તેમણે અસંખ્ય આદિવાસી સ્વાતંત્ર્ય વીરોનો ઈતિહાસ શોધી કાઢ્યો છે. તેઓને પ્રાપ્ત ૩૦૦ જેટલાં પુસ્તકો લખાય તેટલી માહિતીને સંસ્કૃતિ, સ્વતંત્રતા અને ઈતિહાસ એમ ત્રણ ભાગમાં વર્ગીકૃત કરતાં જેમાંથી તેમણે પોતાના સંશોધનને આધારે હિન્દી ભાષામાં ૨૦૨૧માં "ભીલાંચલકી સંસ્કૃતિ", ૨૦૨૨માં "ભીલ પ્રદેશ ચાર રાજ્યોમેં બાંટ દિયા" અને "સ્વતંત્રતા સંગ્રામમેં ભીલ જાતિ કે મહાનાયકો વ નાયકો કા યોગદાન" એમ ત્રણ પુસ્તકો લખ્યાં છે. તેઓ પુસ્તક લખવાનું કામ તેમના ધાર ખાતેના પારિવારિક ઘરે જઈને



એકાંતમાં જ કરવાનું પસંદ કરે છે અને આગામી દિવાળી સુધીમાં તેમનું ચોથું પુસ્તક "ભીલ જાતિકા પ્રાચીન ઈતિહાસ" પ્રકાશિત થવા જઈ રહ્યું છે.

અનિલ ડામોર માને છે કે "જેટલાં આદિવાસી ભીલ સમાજના વ્યક્તિ હોય છે તેઓ પ્રકૃતિપૂજક હોવાથી તેમનામાં કોઈને કોઈ વિશેષ શક્તિ હોય છે અને આ શક્તિને તેઓ ઓળખી શક્યાં હોવાથી તેમને પ્રતિભાવો આવકાર્ય : samirtalod@gmail.com

## જન્મદિને વધામણી



ભરતભાઈ વી. સોની



ઠાકોર વિનોદકુમાર શંભુજી
મો. ૯૮૨૪૬ ૨૬૮૨૨



યશ મહેશકુમાર મોડ
મો. ૯૮૯૮૯ ૦૦૧૦૧



ધૃતિ જે શાહ
મો. ૯૪૨૬૩ ૩૦૨૭૩



ધ્રુવ પ્રજાપતિ 'આઝાદ'
સંપાદક : ઉડ્ડયન ઈ-મેગેઝીન
મો. ૯૭૨૫૪ ૭૩૯૯૯



હિંમતભાઈ બી સોલંકી
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



તૃપ્તીબેન સુરેશભાઈ ત્રિવેદી
મો. ૯૮૨૪૯ ૭૬૮૨૧

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારનો મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક